ગાંધીનગર સમાચાર

# જન્મદિને વધામણી



શાંતિલાલ ઘોઘારી
વેપારી અગ્રણી (રાજધાની હાર્ડવેર)
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૦ ૩૩૭૪૦



મીનાબેન વાય વ્યાસ



શુભમસિંહ ભરતસિંહ વાઘેલા



સાક્ષી ગૌતમભાઈ વ્યાસ

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજના

# અંગ્રેજી માધ્યમના ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ



ગાંધીનગર, તા. ૯

ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજની ઈંગ્લીશ મીડીયમ સ્કૂલના ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓનો ‘‘૫૬ ભોગ’’ ખાતે યોજાયેલ વિદાય સમારંભ રંગારંગ કાર્યક્રમો ભર્યો રહ્યો હતો. જ્યોતિબેન ભાવસારે પ્રાર્થનાથી કાર્યારંભ કર્યો હતો. દીપ પ્રાગટ્યથી પ્રારંભાયેલ કાર્યક્રમમાં ફ્યુઝન સોંગ્ઝ, સ્ટેન્ડ અપ કોમેડી, શિક્ષકોનું અભિવાદન અને ‘સ્ટાર’ વિદ્યાર્થીઓનું ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું.

આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણી અને ડાયરેક્ટર શૈલેષ પંડ્યાની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમમાં શિક્ષકો, વિદ્યાર્થીઓએ પ્રસ્તુત કરેલી સાંસ્કૃતિક કૃતિઓએ વાતાવરણને આનંદભર્યું બનાવી દીધું હતું. ધ્વની ગાંધી અને દ્દષ્ટી ખાનપરાએ શાળામાં વિતાવેલ બે વર્ષના અનુભવો વર્ણવી શાળા સંચાલકો અને શિક્ષકો પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

વિદ્યાર્થી નિસર્ગ, અપૂર્વ અને સિમરને કાર્યક્રમ સંચાલન સંભાળી સુંદર વાતાવરણ ઉભુ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શિક્ષક શ્રી તુષારકુમાર પરમારે સંભાળ્યું હતું.

આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણી, ડાયરેક્ટર શૈલેષભાઈ પંડ્યા, શિક્ષિકા જ્યોતિબેન અને નિધિબેન મહેતાએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી ભવ્ય ભવિષ્ય માટે આશીર્વાદ આપ્યા હતા. સ્વાતિબેન દવે, સબીહાબેનના સહકારથી તૈયાર થયેલ કાર્યક્રમ યાદગાર સંભારણું બની રહ્યો હતો.

કાર્યક્રમ બાદ ડી.જે.ના તાલે ઝૂમી વિદ્યાર્થીઓએ ખુબ આનંદ માણ્યો હતો. અંતમાં ‘૫૬ ભોગ’નું સ્વાદિષ્ટ ભોજન લઈ સૌ છુટા પડ્યા હતા.

# શ્રીમતી આર એન પટેલ પ્રાથમિક શાળાનો શાનદાર વાર્ષિક મહોત્સવ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાથમિક શાળામાં નાથીબા કૉલેજ હૉલ, કડી કૅમ્પસ ખાતે શાળાના વાર્ષિકોત્સવ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં તેજસ્વી વિદ્યાર્થીઓ અને વિશિષ્ટ સિદ્ધિપ્રાપ્ત વિદ્યાર્થીઓને પારિતોષિક અર્પણ કરવામાં આવ્યાં હતાં.

આ પ્રસંગે ધર્મવંદના થીમ આધારિત વિવિધ કૃતિઓ પણ વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં જાણીતા કટાર લેખક મનોજ શુક્લ મુખ્ય મહેમાન તરીકે અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ તથા શિકાગો, યુએસએ નિવાસી નટવરભાઈ પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જેમના દ્વારા વિદ્યાર્થીઓની સિદ્ધિઓને બિરદાવવામાં આવી હતી. ધર્મવંદના થીમ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરાયેલી કૃતિઓ રસપૂર્વક નિહાળ્યા બાદ બાળકોની સુષુપ્ત કલા અને મહેનતની ખૂબ પ્રશંસા કરતાં નટવરભાઈ પટેલે પોતાના વક્તવ્યમાં સંસ્થા સાથેનાં પોતાનાં સંસ્મરણોને વાગોળ્યાં હતાં અને તેજસ્વી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કૃતિઓ પૈકી સર્વ ધર્મ સમભાવ નાટક, સૌથી મોટો ધર્મ રાષ્ટ્રધર્મ અને શીખોનું ધર્મયુદ્ધ એ કૃતિઓ આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી. ધોરણ-૧થી ૮ના ૧૩૫ જેટલા વિદ્યાર્થીઓએ આ કૃતિઓની સુંદર રજૂઆત કરી હતી. કાર્યક્રમનું સંચાલન પણ વિદ્યાર્થી બ્રિન્દા ઠક્કર અને દેવ તલાર દ્વારા કરવામાં આવ્યું હતું.

શાળા દ્વારા નિયુક્ત કરાયેલા ડાન્સ કોરિયોગ્રાફર સંદિપભાઈ સોલંકીએ આ કૃતિઓ માટે વિદ્યાર્થીઓને તાલીમ આપી હતી. સમગ્ર વાર્ષિકોત્સવ કાર્યક્રમનું સફળ સંચાલન કેતનભાઈ દ્વારા અને અંતે આભાર દર્શન સુપરવાઈઝર અશોકભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્ય દશરથભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## ડાયરેક્ટ ❤ સે

દુનિયામાં
ઘણી ચીજો
કિંમતી છે
પરંતુ ઈશ્વરે
નિઃશુલ્ક આપેલી ભેટ
નિદ્રા,
શાંતિ
અને આનંદની સામે
બાકી બધું નમૂલું છે.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**

**- સંપાદક**



આદર્શ નિવાસી કન્યા શાળા (અજા), સૅક્ટર-૮ ખાતે ધોરણ-૧૨ તથા ધોરણ-૧૦ની વિદ્યાર્થીનીઓને શુભેચ્છા આપવા માટે એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામક પી બી સોયંતરના અધ્યક્ષસ્થાને આયોજિત આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન આચાર્ય કુસુમબેન ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રવચનમાં તેમણે વિદ્યાર્થીનીઓના ઉજ્જવળ ભવિષ્યની કામના વ્યક્ત કરી હતી. ત્યારબાદ અનુક્રમે ધોરણ-૯અને ૧૧ની વિદ્યાર્થીની માનસી પરમાર તથા સોનલ જાદવે બૉર્ડની પરીક્ષા આપવા જઈ રહેલી વિદ્યાર્થીનીઓને શુભકામનાઓ પાઠવી હતી અને તેમની સાથેનાં સ્મરણો તાજાં કર્યાં હતાં. ધોરણ-૧૦ની વિદ્યાર્થીની મનિષા મકવાણા અને ધોરણ-૧૨ની વિદ્યાર્થીની દિવ્યા રાઠોડે પણ શાળા સાથેનાં પોતાનાં સ્મરણ કરી સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

સમગ્ર શૈક્ષણિક સ્ટાફ વતી મદદનીશ શિક્ષક ગાયત્રીબેન વૈદ્યે બૉર્ડની પરીક્ષા આપવા જઈ રહેલી વિદ્યાર્થીનીઓને શુભકામનાઓ પાઠવી હતી. વર્ષ દરમિયાન આયોજિત રમતોત્સવ, આનંદ મેળો, વિજ્ઞાન મેળો, સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારી વિદ્યાર્થીનીઓને આ પ્રસંગે ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. અંતે દરેક પરીક્ષાર્થીને ગુલાબ, સાકર અને પૅન આપીને તેમના પરીક્ષામાં સારા દેખાવ અંગે કામના વ્યક્ત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈશ્કા ગુમાને દ્વારા કરવામાં આવ્યું હતું.

# આર જી પટેલ સ્કૂલના સુપરવાઈઝરને વિદાય



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા શાળાના સામાન્ય પ્રવાહમાં સુપરવાઈઝર તરીકે કામગીરી કરતા મનુભાઈ ઍચ પટેલનો વિદાય સમારોહ અને શુભેચ્છા કાર્યક્રમ ભગિની સંસ્થા ઍસ જી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના હૉલમાં યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત શિક્ષક નારણભાઈ બારોટ, જશુભાઈ, મહેશભાઈ અને વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી. ધોરણ-૧૧ની વિદ્યાર્થીની કનિષા રાઠોડ અને જુનેષા હફીએ નિવૃત્ત થઈ રહેલા શિક્ષક સાથેનાં સ્મરણો તાજાં કર્યાં હતાં. શિક્ષક રોહિતભાઈ વ્યાસ, રશ્મિબેન પટેલ, વિશ્વાસભાઈ શાહ અને કામિનીબેન મહંતે પણ પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યાં હતાં. ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષક જસુભાઈ સુતરિયાએ મનુભાઈના બાળપણથી લઈને અત્યાર સુધીના પ્રસંગોને વિદ્યાર્થીઓ સમક્ષ ઉજાગર કર્યા હતા. કાર્યક્રમના મુખ્ય કન્વીનર મયંકભાઈ પટેલ દ્વારા સન્માનપત્રનું વાચન કરવામાં આવ્યું હતું. આચાર્ય સુધાબેન પટેલે પોતાના વક્તવ્યમાં મનુભાઈને સ્વસ્થ દીર્ઘાયુ માટે શુભકામનાઓ પાઠવી હતી.

ઉલ્લેખનીય છે કે રાંધેજાના વતની મનુભાઈ પોતાની ૩૪ વર્ષની શૈક્ષણિક યાત્રા પૂર્ણ કરી નિવૃત્ત થયા છે. એમના વિદાય અંગેના આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન રમણભાઈ બી પટેલ દ્વારા અને અંતે આભાર દર્શન ગિતેષભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# હવે બૅન્કિંગ ક્ષેત્રને સમેટવા, સમૃદ્ધ કરવાની તૈયારી




પ્રજાને આર્થિક મોરચે બૅન્કોના મહત્ત્વનો અહેસાસ ખાસ કરીને નોટબંધી (ડિમોનિટાઈઝેશન) બાદ જરૂર થયો. આર્થિક વ્યવહારોના પાયામાં બૅન્કોનો ફાળો શું હોઈ શકે તે વિશે વધુ વ્યાપક ખ્યાલ લોકોને આવ્યો. સ્વ. ઈન્દિરા ગાંધીએ જનહિતને ધ્યાનમાં રાખીને પૂરા બૅન્કિંગ ક્ષેત્રને રાષ્ટ્રીયકરણથી બદલાવ્યું જેના મુખ્ય હેતુઓ એવા હતા કે બૅન્કોની બધી જ સેવાઓનો લાભ માત્ર ક્લાસને નહીં પણ માસને પણ ઉપલબ્ધ થાય. માલેતુજાર લોકો જ બૅન્કો સાથે સંલગ્ન ના રહેતાં દૂર-દૂર છેવાડાના આમ નાગરિકને પણ બચત, લોન, રેમિટન્સ, લોકર્સ અને બીજી સેવાઓનો લાભ મળે તે મૂળભૂત ઉદ્દેશથી બૅન્કોનું રાષ્ટ્રીયકરણ ૧૯૬૯માં કરવામાં આવ્યું. બૅન્કોને ખાનગી ક્ષેત્રમાંથી સરકારમાં જોડવામાં આવી. ત્યારબાદ સંકલિત ગ્રામ વિકાસ યોજના જેવી ઘણી યોજનાઓને અમલમાં મૂકી ગરીબી હટાવોનાં સૂત્રો પ્રજાનાં દિલ સુધી પહોંચાડવામાં આવ્યાં. શરૂઆતનાં તબક્કે જોરદાર ચુસ્ત સક્ષમ અમલીકરણ આ યોજનાઓનું થયું અને પૂરા વિશ્વને પણ એવો અહેસાસ થયો કે હવે ભારતના આર્થિક ક્ષેત્રમાં એક જબરની લહેર આવી છે.

સમયના વહેતા અવિરત પ્રવાહમાં કશું શાશ્વત હોતું નથી જેમાં સત્તા હોય કે સંપત્તિ હોય કે શરીર હોય - બધું જ પરિવર્તનથી રૂપાંતરિત થયા જ કરતું હોય છે. ભારતની બૅન્કોએ નવી નવી શાખાઓ છેક ગ્રામ કક્ષાએ શરૂ કરીને બૅન્કિંગ પ્રવૃત્તિનું ફલક ઘણું વિસ્તૃત કર્યું. પરંતુ સમય જતાં બૅન્કોને ગળાકાપ સ્પર્ધાનો સંઘર્ષ આવી પડ્યો અને ૧૯૯૦ બાદ ઘણાં પરિવર્તનો અને ઉપકરણો, નીતિ-નિયમોમાં પણ બહુ જ બદલાવ આવ્યો. નફો ગણવાની જૂની પધ્ધતિ પણ બદલાઈ, ઍસેટ્સ ક્લાસિફિકેશનના નવા માપદંડો આવ્યા. અંતે પરિણામ એ આવ્યું કે ધિરાણની ગુણવત્તા વિકૃત થઈ, બિન ઉપજાઉ મિલકતો (ઍનપીએ-નૉન પરફોર્મિંગ ઍસેટ્સ) ઘણી બધી અને ઉત્તરોત્તર વધતી જ ગઈ. બૅન્કોને સક્ષમ રાખવાની ચિંતા સરકારના સ્તરે વધી ગઈ છે.

હાલમાં દેશની અંદર જે બૅન્કિંગ પ્રવર્તે છે તેમાં શિડ્યુલ બૅન્કસ, નૉન શિડ્યુલ બૅન્કસ, કૉમર્શિયલ બૅન્કસ, કો-ઓપરેટિવ બૅન્કસ, ખાનગી બૅન્કસ અને વિદેશી બૅન્કસ પ્રવર્તમાન છે. આ સિવાય રિજનલ રૂરલ બૅન્કો અને ગોલ્ડ લોન આપતી ખાનગી બૅન્કો પણ કાર્યરત છે. એક જમાનામાં બૅન્કોને વ્યાપક બનાવો અને ડબલ ધ પ્રૉફિટ જેવા નિર્દેશો મળતા હતા. પછી નૉન પરફોર્મિંગ ઍસેટ કાબૂ બહાર જવા લાગી તો ઍનપીએ ઘટાડો, ખર્ચ ઘટાડોનાં સૂત્રો આપવામાં આવ્યાં. પ્રશ્ન હવે જે ઊભો થયો છે તે બિનઉપજાઉ મિલકતો (નહીં ભરપાઈ થતી લોન્સ)નો વધુ પેચિદો છે અને નરસિંહમન કમિટીના બે વખત રિપોર્ટ ૧૯૯૨-૯૩માં સરકારને સોંપવામાં આવ્યા. તેમાં ભલામણ કરવામાં આવી કે બૅન્કોની સંખ્યા મર્યાદિત કરો અને એ માટે મર્જર, ક્રૉસ મર્જર, કૉન્સોલિડેશન કરો. હવે, આટલાં વર્ષો બાદ આ રિપોર્ટનું અમલીકરણ તેજ ગતિથી થઈ રહ્યું છે. ઈન્ટરનેટ અને કમ્પ્યુટર્સ આવવાથી આ કામ ઝડપી અને શક્ય બની રહ્યું છે. સરકારને વહીવટી ખર્ચ (કૉસ્ટ ઑફ મૅનેજમૅન્ટ) ઘટાડવા છે, નબળી શાખા, બૅન્કોને પરસ્પરમાં ભેળવી દેવી છે અને એ માટે બધું જ આયોજન નક્કી કરી દેવામાં આવ્યું છે. સ્ટેટ બૅન્ક ગ્રૂપની સહાયક પાંચ બૅન્કોની ઝડપથી ભારતીય સ્ટેટ બૅન્ક (ઍસબીઆઈ)માં મર્જ કરવાની છે. આ સિવાયની બધી જ અન્ય બૅન્કો સાતે સુઆયોજિત રૂપે સમેટીને દેશમાં માત્ર છ જેટલી મોટી બૅન્કો રાખવાની નેમ છે. ચાલો, આપણે આ પગલાને આર્થિક સુધારાના ભાગરૂપે સ્વીકૃત કરી લઈએ પરંતુ વાસ્તવિકતા સામે આંખો બંધ કરી લેવાની ભાવનાથી પ્રશ્નનું સમાધાન મળતું નથી.


બૅન્કોની આર્થિક સ્થિતિને ખરાબ કરવામાં કોણ જવાબદાર છે ? એ મૂળ સવાલ મુંઝવણભર્યો છે. લોન આપવામાં બેદરકારી છે ? નીતિ-નિયમોની કમી કે કચાશ છે ? નિયમન અને અંકુશની ખામીઓ છે ? આ પ્રકારના સવાલો ઉપર સચોટ વિશ્લેષણ કરવાની જરૂરત છે. બૅન્કોમાં જે નાણાં બચત તરીકે પડ્યાં છે તે પ્રજાનાં છે, જેના પાયા ઉપર જ ધિરાણ કરવામાં આવે છે. ત્યારે રિઝર્વ બૅન્ક તથા સરકારે સખ્તાઈપૂર્વક સ્થિતિને સુધારવી પડે એ આજની આવશ્યકતા છે, નહીં કે બૅન્કોને સમેટીને બેસી રહેવું.

બૅડ લોન્સ વધતી જ જાય છે ત્યારે ઓછી બૅન્કો કરવાથી પણ પ્રશ્ન હલ થતો નથી. બૅન્કોને સમૃદ્ધ કરવાની લાચારી વધી છે. આ લાચારીથી છૂટવું હોય તો ગંદાં તત્ત્વો, ગેંગ્સ, લુખ્ખાઓ, લાલચુઓ, લાંચિયાઓ વગેરેથી બૅન્કિંગને સુરક્ષિત કરવાનું આયોજન ઝડપથી કાર્યરત કરવું પડશે. ભારતના લોકો સંવેદનશીલ, સમજુ, શાણા છે. પરંતુ બહુધા અનુશાસનહિન છે. ક્ષેત્ર ગમે તે હોય, શિસ્ત ઘટે છે તથા રાષ્ટ્રપ્રેમની કમી છે તેથી માનસ સંકુચિત છે. બૅન્કોને હવે ગંદકીથી બચાવવાની છે. એ પણ સ્વચ્છ ભારત અભિયાનનો જ હિસ્સો હશે. બચતવૃત્તિ અને બચતશક્તિને હવે ફરીથી પ્રોત્સાહિત કરવી પડશે. બૅન્કો કોઈની જાગીર નથી, એ સરકારે પ્રસ્થાપિત કર્યા વિના છૂટકો નથી. મર્જર કરવાથી બૅન્કોની સ્થિતિ ડામાડોળ થઈ જવાની છે એટલે ઘણી કાળજીથી આ કાર્ય કરવાનું રહે છે.

શેર આસ્વાદ

સિગારેટને રસ્તા ઉપર આ
રીતથી ન ફેંક ભાઈ
આ દેશમાં ચપ્પલ ઘણા
તળિયેથી કાણાં હોય છે

(ભાવિન ગોપાણી)




# વીપીઍમપી પોલીટૅકનીક ખાતે ઍક્સલન્સ ઈન એક્ઝામ વિષયે સૅમિનાર યોજાયો



ગાંધીનગર, તા. ૯

વીપીઍમપી પોલીટૅકનીક ખાતે ગાંધીનગર શહેરના મહર્ષિ ફાઉન્ડેશનના યુવા વક્તા અને મોટીવેશનલ ટ્રેનર મહર્ષિ રાવલ દ્વારા ‘ઍક્સલન્સ ઈન ઍક્ઝામ’ વિષયે એક દિવસીય સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સૅમિનારમાં માત્ર વિદ્યાર્થી જીવનકાળમાં જ નહીં, પરંતુ જીવનના દરેક તબક્કે સંઘર્ષ અને તકલીફોની વચ્ચે પણ હકારાત્મક અભિગમ, સુવ્યવસ્થિત સંચાલન અને એકાગ્રતાનો સુભગ સમન્વય સાધીને સફળતાની ચાવી કેવી રીતે શોધવી તે ખૂબ જ અસરકારક રીતે સમજાવવામાં આવ્યું હતું. વ્યાવહારિક જીવનના દ્દષ્ટાંતોનો ઉપયોગ કરીને તેમણે એ વાત પર ખાસ ભાર મૂક્યો હતો કે જીવનમાં આવતી તકલીફો જ કાબેલ અને સક્ષમ માનવીનું ઘડતર કરતી હોય છે. આ પ્રસંગે મહર્ષિ ફાઉન્ડેશન વતી નિમેષભાઈ રાવલ, મમતાબેન રાવલ, સંસ્થાના આચાર્ય પ્રૉ. આનંદભાઈ પટેલ, અધ્યાપકગમ અને ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વાચકોને આમંત્રણ

## સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**‘મારી યાદગાર સ્કૂલ’**